ખાસ રજાઓ બાબત

પ્રાથમિક શિક્ષણ ...
ગુ.રા. ...

6 JAN 2022

આવક નં. ૫૮૬૦૬
... ક-શાખા

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

હૂકમ ક્રમાંક : પીઆરઇ/૧૫૨૦૧૯/પ્રાશિનિ-૨૬૭/ક

સચિવાલય, ગાંધીનગર.

તારીખ : ૦૧/૦૧/૨૦૨૨

વંચાણે લીધા–

(1.) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તારીખ ૧૦/૦૫/૨૦૧૯નો પત્ર ક્રમાંક : પ્રાશિનિ/નીતિ/૨૦૧૯/ક/૨૯૦૭.

(2.) શિક્ષણ વિભાગનો તારીખ ૨૭/૧૨/૨૦૧૯નો સરખા ક્રમાંકનો પત્ર.

(3.) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તારીખ 30/0૯/૨૦૧૯નો પત્ર ક્રમાંક : પ્રાશિનિ/નીતિ/૨૦૧૯/૫૫૬૪.

(4.) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીનો તારીખ ૨૧/03/૨૦૨૦નો પત્ર ક્રમાંક : પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૦/૧૭૯૮.

પ્રસ્તાવના:

નાણા વિભાગના તારીખ ૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી નિમણૂંકોનો ફીક્સપગાર પર "ખાસભથ્થું" આપવા તેમજ તેમની સેવાની શરતોમાં સુધારો કરવા અંગે જોગવાઇ કરવામાં આવેલ હતી. જેમાં ખાસ રજાઓનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો.

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા ઉક્ત ઠરાવ ઉપર તારીખ ૧૯/૧૨/૨૦૧૫ના શેરાથી ઉક્ત ઠરાવ જરૂરી કાર્યવાહી અને અમલ સારૂ સંબંધિતોને જણાવવામાં આવેલ. જેનું જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા તેઓની કક્ષાએ અર્થઘટન કરી, વિદ્યાસહાયકોને ખાસ રજાઓનો લાભ આપવામાં આવેલ.

આ બાબત ધ્યાને આવતાં નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા તારીખ ૧૦/૦૫/૨૦૧૯ના સંદર્ભ (૧)ના પત્રથી જરૂરી સ્પષ્ટતા કરવા દરખાસ્ત કરતાં, નાણાવિભાગ સાથે પરામર્શ બાદ આ વિભાગના તારીખ ૨૭/૧૨/૨૦૧૯ના સંદર્ભ (૨)ના પત્રથી વિદ્યાસહાયકોએ વેકેશનપાત્ર કર્મચારી હોવાથી તેઓને ખાસ રજાઓ મળવાપાત્ર થતી નથી તેવી સ્પષ્ટતા કરવામાં આવેલ.

ઉક્ત સ્પષ્ટતાને અનુલક્ષીને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી દ્વારા તારીખ ૨૧/03/૨૦૨૦ના સંદર્ભ (૪) હેઠળના પત્રથી જે વિદ્યાસહાયકો દ્વારા ખાસ રજાઓ ભોગવવામાં આવેલ છે તેટલા કર્મચારીઓ પૂરતી તેઓની સામે શરૂ કરવામાં આવેલ રીકવરીની કાર્યવાહી સ્થગિત રાખી તેઓના ખાતામાં ભવિષ્યમાં જમા થનાર

ક. નીત
૨
5 JAN 2022

મેડીકલ રજાઓ સામે સરભર કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**હૂકમ:**

પુખ્ત વિચારણાને અંતે, જે વિદ્યાસહાયકો દ્વારા તેઓના ફીક્સ પગારની સેવાના સમયગાળા દરમિયાન ખાસ રજાઓ ભોગવવામાં આવેલ છે તેઓના કિસ્સામાં ભવિષ્યમાં પૂર્વ દ્રષ્ટાંત નહી ગણવાની શરતે,

- જે વિદ્યાસહાયકો દ્વારા જેટલી ખાસ રજાઓ ભોગવામાં આવેલ છે તેટલા દિવસની રજાઓ તેઓને ભવિષ્યમાં મળવવાપાત્ર થનાર પ્રાપ્ત રજા/અર્ધપગારી રજાઓ સામે સરભર કરવાની તથા તે સમયગાળાની ગણતરી પાંચ વર્ષના ફીક્સ પગારના સમયગાળામાં કરવાની, અને
- ઉક્ત વિદ્યાસહાયકો દ્વારા ભોગવવામાં આવેલ ખાસ રજાઓ સબબ તેઓને જે રકમ પગાર તરીકે ચુકવવાયેલ છે તેની રીકવરી કરવાનો નિર્ણય સ્થગિત રાખવાની સરકારશ્રીની મંજૂરી આપવામાં આવે છે.

આ હૂકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તારીખ ૧૩/૧૨/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે.એચ.હેડંબા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

ઈ.નં.

ક્રમાંકઃપ્રાશિનિ/ક-નીતિ/2022/291-343
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા.07/01/2022

(એમ. કે. રાવલ)
સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ.</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ